## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ ખાતે સંસ્કૃત સપ્તાહ નિમિત્તે દબદબાભેર 'સંસ્કૃત ગૌરવ યાત્રા' યોજાઇ




**કાલોલ :** ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે કાલોલ ખાતે તાલુકા સ્તરીય 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવ યાત્રાનો પ્રારંભ કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત ધી એમ. જી. એસ. હાઇસ્કૂલ ખાતેથી થયો હતો. જેમાં ધી એમ. જી. એસ. હાઇસ્કૂલ તેમજ સી. બી. ગર્લ્સ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં જોડાઈને સમગ્ર નગરમાં આકર્ષક રેલી કાઢી હતી. રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ ઋષિ-મુનિઓ તેમજ રામાયણના વિવિધ પૌરાણિક પાત્રોની વેશભૂષા ધારણ કરી હતી, જે નગરજનો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

### દાહોદની સબ જેલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી



**દાહોદ :** જેલોના પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન.રાવનાય પોલીસ મહાનિરીક્ષક (જેલ) આર.પી. બારોટ તથા વડોદરા ઝોનના નાયબ પોલીસ મહાનિરીક્ષક (જેલ) સરોજકુમારીના માર્ગદર્શન અને સૂચના અનુસાર આગામી રક્ષાબંધન પર્વની ઉજવણીના ભાગરૂપે દાહોદ સબ જેલ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતીઆ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય આધિકારી ડો.ટીલાવત અને ડી.ટી.એચ.સો ડો.આર.ડી પહાડીયાની સુચના અનુસાર અકબાર જીસેક્સ અમદાવાદ દ્વારા દાહોદ જિલ્લામાં કાર્યરત એન.એ.સી.પી.પ્રોગ્રામમાં ફરજ બજાવતા તમામ સ્ટાફ દ્વારા આજ રોજ દાહોદ સબ જેલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

### શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરાઇ



**લીમખેડા :** લીમખેડા ખાતે આવેલી શ્રી હસ્તેશ્વર સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ અને ઉપ પ્રમુખ રાકેશભાઈ ભરવાડ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓમાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ, લાગણી અને સ્નેહનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શાળાના પાંચ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓએ રાખડી ની વિશાળ માનવ આકૃતિ બનાવી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વને અનુરૂપ સુંદર ડાન્સ, વક્તવ્ય (સ્પીચ) સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

### સંજેલીની શાળામાં ત્રિ-દિવસીય 'સંસ્કૃત સપ્તાહ'નિમિત્તે સંસ્કૃત શોભાયાત્રા યોજાઈ



**સંજેલી :** સંજેલી તાલુકાની શાળામાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર તેમજ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી ત્રિ-દિવસીય 'સંસ્કૃત દિવસ' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત શોભાયાત્રા યોજાઈ હતી. શોભાયાત્રામાં વિદ્યાર્થીઓ સંસ્કૃત સુભાષિતો અને વિવિધ સંસ્કૃત સૂત્રો લખેલા બોર્ડ સાથે જોડાયા હતા. રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ "જયતુ સંસ્કૃતમ્, જયતુ ભારતમ્" જેવા નારા લગાવી સમગ્ર વાતાવરણને સંસ્કૃતમય બનાવી દીધું હતું. શોભાયાત્રા બાદ શાળાના પ્રાંગણમાં દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદના સાથે ત્રિ-દિવસીય કાર્યક્રમનું સત્તાવાર ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### સિંગવડમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ



**સિંગવડ :** એસ.આર. ભાભોર આર્ટ્સ કોલેજ, જી.એલ. શેઠ હાઈસ્કૂલ અને ગર્લ્સ હાઇસ્કુલ ના વિદ્યાર્થીઓ જોડાયા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત સંસ્કૃત સપ્તાહ મહોત્સવ (તા. 24 થી 31 ઓગસ્ટ 2026) અંતર્ગત સિંગવડ તાલુકા ખાતે *સંસ્કૃત ગૌરવ યાત્રા*નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં શ્રી એસ.આર. ભાભોર આર્ટ્સ કોલેજ, જી.એલ. શેઠ હાઈસ્કૂલ અને ગર્લ્સ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાના ગૌરવ અને મહત્વને લગતા સૂત્રોચાર કર્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા આ યાત્રા જી.એલ. શેઠ ગ્રાઉન્ડથી શરૂ થઈને ગોવિંદ ગુરુ ચોક સુધી ગઈ હતી અને ત્યાંથી ફરી પાછી જી.એલ. શેઠ ગ્રાઉન્ડ ખાતે પહોંચી હતી, જ્યાં યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.

---

દાહોદ પાલિકાના ફુડ વિભાગ દ્વારા તપાસ ઝુંબેશ ચાલુ રખાતા ભેળસેળિયા તત્વમાં ફફડાટ

# ૫૦ કિલો બળેલા તેલનો નાશ કરાયો, બે જગ્યાએથી નમુના લીધા, રૂ.૨૫૦૦ દંડ

**તહેવારોની** મોસમમાં મિલાવટ કરનારાઓનો રાફડો ફાટ્યો છે



(પ્રતિનિધી) દાહોદ, તા.25

પ્રાંત અધિકારી દાહોદની સૂચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ નગરપાલિકાના ફુડ ઈન્સ્પેક્ટર પિંકલ નગરાલાવાલા તથા તેમના સ્ટાફના માણસો દ્વારા આજે પણ તપાસ ઝુંબેશ ચાલુ રાખી હતી. અને શહેરના બહારપુરા, સરદાર ચોક પડાવ રોડ વગેરે વિસ્તારમાં આવેલ હોટલ, રેસ્ટોરન્ટ તેમજ સ્વીટ ના નમૂના લેવામાં આવ્યા હતા, ફરસાણ દુકાનો મળી ૮ જેટલી ખાણીપીણીની જગ્યાઓ પર સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી બળેલા તેલ ના જથ્થાના નાશ કરવામાં આવ્યો હતો તેમજ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવતા શહેરના ભેળસેળિયા તત્વોમાં ફફડાટ ફેલાવા પામ્યો છે. હોટલથી મંગાવેલ ભોજનની ડીશ ખાધા બાદ પરિવારની એક બાળકીનું ફૂડ પોઈઝનિંગના લીધે મૃત્યુ થયાની સુરતમાં ઘટેલી દુઃખદ ઘટના બાદ એક્શન માં આવેલ રાજ્ય સરકારના કડક આદેશના પગલે ગત શુક્રવારના રોજ પ્રાંત અધિકારી દાહોદની આગેવાનીમાં દાહોદ નગરપાલિકાના ફૂડ વિભાગના અધિકારી તથા તેમની ટીમ દ્વારા શહેરના સ્ટેશન રોડ તેમજ ગોદી રોડ પર હોટલ રેસ્ટોરન્ટ સ્વીટ અને ફરસાણની દુકાનો તેમજ ખાણી પીણીની લારીઓ મળી ૧૨ થી વધુ જગ્યાએ તપાસ હાથ ધરી નમુના લેવામાં આવ્યા હતા. તેમજ વાંધાજનક ખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો તથા દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. ત્યાર પછી બે દિવસના વિરામ બાદ દાહોદ પ્રાંત અધિકારીની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ નગરપાલિકાના ફૂડ વિભાગના અધિકારી પિંકલ નગરાલાવાલા તથા તેમના સ્ટાફના માણસોની ટીમે આજે શહેરના બહારપુરા, પડાવ રોડ તેમજ સરદાર ચોકમાં સઘન તપાસ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં જલારામ ફરસાણ, મારુતિનંદન દાલબાટી, જૈન ફરસાણ માર્ટ, ભવાની નમકીન એન્ડ સ્વીટસ, શ્રીનાથ સ્વીટ્સ એન્ડ ફરસાણ, ઓમકારેશ્વર રેસ્ટોરન્ટ, ખંડેલવાલ રેસ્ટોરન્ટ તેમજ કૈલાશ રેસ્ટોરન્ટ જેવી ખાણીપીણીની જગ્યાઓ પર તપાસ હાથ ધરાઈ હતી.

---

સેમિનારમાં 300 જેટલા વિદ્યાર્થીઓએ માર્ગદર્શન મેળવ્યું

## કાંકણપુર કોલેજમાં આઈડિયા ટુ ઈનોવેશન પર સેમિનાર યોજાયો



(પ્રતિનિધી) ગોધરા, તા.25

ગોધરા તાલુકાની શ્રી જે.એલ. કે. કોટેચા આર્ટસ અને શ્રીમતી એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજના ઈનોવેશન ક્લબ દ્વારા આઈડિયા ટુ ઈનોવેશનઃ સમસ્યામાંથી ઉત્પાદન સુધી સફર" વિષય પર સેમિનાર યોજાયો હતો.

સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહના માર્ગદર્શન હેઠળ તથા કે.સી.જી.ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સેમિનારમાં આર્ટ્સ અને કોમર્સના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે અમદાવાદથી પધારેલા આશિષ શાહએ વિદ્યાર્થીઓને નવોદ્યોગ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પોતાના વક્તવ્યમાં તેમણે સમસ્યામાંથી પ્રોડક્ટ ડેવલપમેન્ટ, કોપીરાઈટ, ટ્રેડમાર્ક, બજારની વ્યુહરચના, વેચાણ શ્રૃંખલા અને સરકારી સબસીડી જેવી વ્યવહારિક બાબતોથી વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા. તેમણે જણાવ્યું કે દરેક સમસ્યા એક નવા ઉત્પાદનની જન્મભૂમિ હોય છે, માત્ર તેને ઓળખવાની જરૂર છે. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડો. જે.પી. પટેલે મહેમાનોનું સ્વાગત કરી આ પહેલને યુવાનો માટે આત્મનિર્ભરતાનો માર્ગ ગણાવી હતી.

---

પંચમહાલના ઘોઘંબા ખાતે ૭૭મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાયો

## વૃક્ષો વાવવાની સાથે તેનું જતન કરવું પણ તેટલુંજ જરૂરી: નાણાપંચના ચેરમેન

ઘોઘંબા ખાતે જિલ્લા કક્ષાના વન મહોત્સવ-૨૦૨૬ની ઉજવણી: જિલ્લામાં 'વૃક્ષ રથ'ને લીલીઝંડી આપી રવાના કરાયો



(પ્રતિનિધી) ગોધરા, તા.25

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા સ્થિત સ્વામિનારાયણ મંદિર પરિસર ખાતે ૭૭મા જિલ્લા કક્ષાના વન મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ રાજ્ય નાણાપંચના ચેરમેન યમલભાઈ વ્યાસની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે તેમણે પર્યાવરણની જાળવણી સાથે વૃક્ષોના લાંબાગાળાના આર્થિક મહત્વ પર ભાર મૂકી વધુમાં વધુ વૃક્ષ વાવવા અને તેના ઉછેર માટે સૌને આહ્વાન કર્યું હતું. ચેરમેન ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરો અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માત્ર વૃક્ષારોપણ કરવાથી પર્યાવરણનું રક્ષણ શક્ય નથી, પરંતુ વાવેલા રોપાઓનું ચોમાસા બાદ એક વર્ષ સુધી યોગ્ય નર્ચરીંગ અને ફોટોગ્રાફી-મોનિટરિંગ થકી રક્ષણ કરવું જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓ અને નાગરિકોને પોતાના ઘર તથા ખેતરોમાં વૃક્ષો વાવી ભવિષ્યની પેઢી માટે પર્યાવરણીય સુરક્ષા કવચ ઊભું કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે વન વિભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓ તેમજ વન મંડળીઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા મંદિર પરિસરમાં વૃક્ષારોપણ કરી તેના સંવર્ધનનો સંકલ્પ લેવાયો હતો. આ ઉપરાંત ગામેગામ નિઃશુલ્ક રોપાઓનું વિતરણ કરવા માટે તૈયાર કરાયેલા 'વૃક્ષ રથ'ને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

---

ગુજરાત રાજ્ય એચ. ટાટ સંઘના નેજા હેઠળ કામગીરી

## એચ-ટાટના પડતર પ્રશ્નો બાબતે જિલ્લા કલેકટરને આવેદન અપાયું

પ્રશ્નોના ત્વરીત નિરાકરણની માંગણી કરવામાં આવી



(પ્રતિનિધી) દાહોદ, તા.25

વિદ્યાર્થીઓ ઉજ્જવલ ભવિષ્ય માટે તમામ એચ.ટાટ આચાર્યો સતત કાર્યશીલ છે આમ છતાંય શિક્ષણ વિભાગ દ્વારા આ કેડર પ્રત્યે ઓરમાયું વર્તન રાખવામાં આવે છે. એક કર્મચારી તરીકે મળતા લાભ બાબતે સતત કાયદાકીય પ્રક્રિયા નો સહારો લેવો પડે છે જે ખરેખર આચાર્યની ગરિમ અને ઠેસ પહોંચાડવી અને મોરલ ડાઉન થાય તેવું વર્તન કરવામાં આવી રહ્યું છે જે ખરેખર ઉચિત નથી. જેથી ગુજરાત રાજ્ય એચ. ટાટ સંઘના નેજા હેઠળ દરેક જિલ્લામાં મુખ્ય શિક્ષકોના કેટલાક પડતર વહીવટી પ્રશ્નોના ઉકેલ માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવાનું નક્કી થતાં આજે ગુજરાત રાજ્ય એ ટાટ સંઘના નેજા હેઠળ પડતર પ્રશ્નો બાબતે દાહોદ જિલ્લા કલેક્ટરને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મુદ્દાઓમાં તમામ પ્રકારની બદલીઓ વાર્ષિક ધોરણે નિયમિત કરવી, ભરતીથી નિમણૂક આ મેળવેલ એચ. ટાટ આચાર્યોને એક ઈજાફો આપવો, વિદ્યાર્થીઓની ૩૦૦થી વધુ સંખ્યા હોય તે શાળાઓને શાળા સહાયક (ક્લાક) મળે તે પરિપત્ર છે છતાંય જ ફાળવેલ નથી તે ફાળવણી ના કેન્દ્રીયકૃત રીતે કરવી, વેકેશનલ પોસ્ટ થઈ તે પહેલા વર્ષ ૨૦૧૨થી ૨૦૧૯ સુધીના સમયગાળાની વેકેશનની રજા પ્રાપ્ત નાણાકીય સતત બદલાતી બેંક જંગ પ્રક્રિયાબંધ શાળાની રોજીંદી નાણાંકીય બાબતો મુશ્કેલ બને તેવા કોઈ પ્રયાસ કરવા નહીં, તથા અન્ય વહીવટી પ્રશ્નોના ત્વરીત નિરાકરણની માંગણી શિક્ષણ વિભાગ સુધી પહોંચે તે બાબતનું આવેદનપત્ર આપ્યું હતું.

---

મગરને સુરક્ષિત જગ્યાએ છોડી મૂકાયો

## હાલોલના પાંચખોવલા ગામની સીમમાં કૂવામાંથી અઢી ફૂટના મગરનું રેસ્ક્યુ

(પ્રતિનિધી) હાલોલ, તા.25



હાલોલ તાલુકાના પાંચખોવલા ગામની સીમમાં કૂવામાં આશરે 2થી અઢી ફૂટ લાંબો મગર પડ્યો હોવાની જાણ થતાં ફોરેસ્ટ વિભાગ અને સિદ્ધાંત જીવદયા ટીમે સંયુક્ત રીતે સફળ રેસ્ક્યુ હાથ ધર્યું હતું. મળતી માહિતી મુજબ, હાલોલ તાલુકાના પાંચખોવલા ગામની સીમમાં આવેલા એક કૂવામાં આશરે 2થી અઢી ફૂટ લંબાઈ ધરાવતો મગર પડ્યો હતો. મગર કૂવામાં હોવાની જાણ થતાં ફોરેસ્ટ વિભાગને તેમજ સિદ્ધાંત જીવદયા ટીમને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફોરેસ્ટ વિભાગના RFO ચંદ્રિકાબેન ચૌધરીની સલાહ, સૂચના અને માર્ગદર્શન હેઠળ મગરને સાવચેતીપૂર્વક કૂવામાંથી બહાર કાઢી તેનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. રેસ્ક્યુ બાદ મગરને માનવ વસવાટથી દૂર તેના કુદરતી રહેઠાણ વિસ્તારમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો.

---

### દાહોદમાં શ્રાવણ માસ નિમિત્તે શિવમંદિરોમાં વિવિધ થીમ આધારિત અલૌકિક ઝાંખીના દર્શન



**દાહોદ :** પવિત્ર શ્રાવણ માસ દરમિયાન સમગ્ર દાહોદ શવમય બન્યું છે. શ્રાવણ મહિનાના ખાસ અવસરે નગરના વિવિધ શિવાલયોમાં ભક્તો માટે વિશેષ પૂજા-અર્ચના અને મનોહર ઝાંખીઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શિવભક્તોને શિવજીના વિવિધ રૂપ અને પવિત્ર ધામોના દર્શન કરાવવા માટે શહેરના મુખ્ય મંદિરોને આકર્ષક થીમ આધારિત સણગારવામાં આવ્યા છે, જેને નિહાળવા માટે શવભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે.શ્રી નાગેશ્વર મહાદેવ મંદિરઃ નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે બાબા અમરનાથ અને ગૌરીશંકર મહાદેવની પ્રતિકૃતિ સમી ભવ્ય ઝાંખી તૈયાર કરવામાં આવી છે. બાબા અમરનાથના દર્શનનો અહેસાસ કરાવતી આ ઝાંખી ભક્તોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે.

---

### કાલોલ તાલુકાના કરાના મુવાડા પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી



(પ્રતિનિધિ) કાલોલ, તા.25

કાલોલના કરાના મુવાડા પ્રાથમિક શાળા ખાતે ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને પવિત્રતાના પ્રતિક સમાન 'રક્ષાબંધન'ના તહેવારની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતી દીકરીઓ (બહેનો) દ્વારા શાળાના તમામ દીકરાઓને (ભાઈઓને) રાખડી બાંધીને તેમના દીર્ઘાયુષ્ય અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરવામાં આવી હતી.

---

ગોધરામાં બેફામ બનેલા છકડા ચાલકો પર લગામ કસવી જરૂરી

## હાઈવે-પર ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાડી ઓવરલોડિંગ વાહન હંકારતા છકડા ચાલકો

આવી જીવલેણ મુસાફરી કરવા મજબૂર જનતા



(પ્રતિનિધી) ગોધરા, તા.25

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી છકડા ચાલકો બેફામ બન્યા છે જે ટ્રાફિક વ્યવસ્થા માટે એક મોટી સમસ્યા બની ગઈ છે. વધુ નફો મેળવવાની લાલચમાં આ વાહન ચાલકો નિયમોને નેવે મૂકીને વાહનની સીટની મર્યાદા કરતા અનેકગણા વધુ મુસાફરો બેસાડી રહ્યા છે. મુસાફરોના જીવ સાથે ચેડાં કરી ખુલ્લેઆમ જોખમી સવારી કરાવતા છકડાઓના વીડિયો પણ તાજેતરમાં કેમેરામાં કેદ થયા છે. આ પ્રકારે ઓવરલોડિંગ કરી જીવલેણ મુસાફરી કરાવવી એ ટ્રાફિકના નિયમોનો સીધો ભંગ છે અને તે ભવિષ્યમાં કોઈ ગંભીર અકસ્માતને આમંત્રણ આપી રહ્યો છે. આ ખુલ્લેઆમ થતા કાયદાના ઉલ્લંઘન વચ્ચે ટ્રાફિક પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિક લોકોમાં ભારે રોષ સાથે એવી ફરિયાદો ઊઠવા પામી છે કે, ટ્રાફિક પોલીસ દ્વારા માત્ર અંતરિયાળ ગામડાઓમાંથી આવતા સામાન્ય અને ગરીબ બાઈક સવારોને જ પકડીને કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ આંખ સામે આખો દિવસ જોખમી રીતે દોડતા આ છકડા ચાલકો પોલીસને કેમ દેખાતા નથી? લોકોના જીવને જોખમમાં મૂકતા વાહન ચાલકો સામે પોલીસની આ કામગીરીથી જનતામાં રોષ જોવા મળી રહ્યો છે.

હાલમાં આ સમસ્યાને પગલે લોકોમાં એક જ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે, શું હવે આરટીઓ તેમજ ટ્રાફિક પોલીસ આવા બેફામ વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરશે કે કેમ? તે જોવું રહ્યું.

---

## કાલોલના બાકરોલ ગામની સીમમાંથી 12 ફૂટના અજગરનુ રેસ્ક્યુ કરાયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.25



કાલોલ તાલુકાના બાકરોલ ગામની સીમમાં આવેલા અજબસિંહ રામસિંહ ગોહિલના ખેતર અને ઘર નજીક રવિવારે સાંજના સમયે અચાનક એક વિશાળકાય અજગર દેખાયો હતો. આશરે ૧૧થી ૧૨ ફૂટ લાંબા અજગરને જોઈને ખેતર માલિક અને આસપાસના ગ્રામજનો ભયભીત થઈ ગયા હતા. ઘટના અંગે તાત્કાલિક સ્થાનિક સિદ્ધાંત જીવદયા ટીમને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ સિદ્ધાંત જીવદયા ટીમની ટુકડી ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વન વિભાગના RFO દિનેશભાઈ ભાભોર તેમજ અશોકભાઈના માર્ગદર્શન અને સૂચના હેઠળ ટીમે અત્યંત સાવચેતી અને કુશળતાપૂર્વક રેસ્ક્યુ કામગીરી શરૂ કરી હતી. ભારે જહમત બાદ મહાકાય અજગરને માનવ વસવાટથી દૂર તેના કુદરતી આવાસમાં સુરક્ષિત રીતે મુક્ત કરી દેવાયો હતો.

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ **મતાદાર શાહીન અ રઉફભાઈ** હતુ જે બદલીને નવુ નામ **પટેલ સાહીન ઇકરામખા** રાખેલ છે. મારો પાસપોર્ટ નં. L6491899 છે. જે અમદાવાદથી તા.02/01/2014 ના રોજ ઈસ્યુ થયો છે. રહે. 00, ગુલીસ્તાન સોસાયટી, ઝાલોદ તાલુકો- ઝાલોદ જીલ્લો- દાહોદ 389170